પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૬ | ૧૮ નવેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હી-એનસીઆરમાં પ્રદુષણની સ્થિતિ વણસી

## દિલ્હીમાં ઉધોગો બંધ કરી વર્ક ફ્રોમ હોમ લાગુ કરો : પ્રદૂષણને કાબુમાં લેવા માટે પૂર્ણ લોકડાઉન જેવા આકરા પગલા ઉઠાવવા માટે તૈયાર : અરવિંદ કેજરીવાલ



નવી દિલ્હી , તા.૧૭

જો પરાળી જ એક માત્ર કારણ ન હોય તો તેને લઈને આટલો હોબાળો કેમ થઈ રહ્યો છે? સરકારની રિપોર્ટ કહે છે કે પ્રદુષણ માટે ધુળ, ઉધ્યોગ અને વાહનો વગેરે મુખ્ય કારણો છે તો તેના પર કાબુ મેળવવા ક્યા ક્યા પ્રકારના પ્રયાસો થઈ રહ્યા છે? સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને પૂછ્યું કે રોડ સાફ કરવા માટે તમારી પાસે માત્ર ૬૯ મશીન છે શું આ મશીનો પુરતી છે? સરકાર વતી હાજર રાહુલ મેહરાએ કહ્યું કે એમસીડી પાસેથી જવાબ માગવામાં આવે. જ્યારે સુપ્રીમે કહ્યું કે તમે એમસીડી પર બોજ નાખી રહ્યા છે. દિલ્હી એનસીઆરમાં પ્રદુષણની સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ઈમર્જન્સી બેઠક બોલાવી હતી. જેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે નિર્માણ કાર્ય અને ઈંડસ્ટ્રી બંધ કરવા તેમજ વર્ક ફ્રોમ હોમ લાગુ કરી દેવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પહેલા દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે તે પ્રદૂષણને કાબુમાં લેવા માટે પૂર્ણ લોકડાઉન જેવા આકરા પગલા ઉઠાવવા માટે તૈયાર છે. જ્યારે સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દિલ્હી સરકારે વર્ક ફ્રોમ હોમ લાગુ કર્યું છે પણ દિલ્હી એનસીઆરમાં ઘણા કેન્દ્રીય કર્મચારીઓ છે એવામાં કેન્દ્ર સરકારે પણ વર્ક ફ્રોમ હોમ અંગે

● અનુસંધાન પાન-૭ પર

# કુલગામમાં સેનાએ ૪ આતંકીઓને ઠાર કર્યા

## બે જબ્બે : જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સામેની સેનાની કડક કાર્યવાહી

શ્રીનગર, તા.૧૭

કાશ્મીરના કુલગામ જિલ્લામાં બે જગ્યાએ સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. કુલગામના પૂંબી અને ગોપાલપોરા વિસ્તારમાં ચાલી રહેલા એક્રાઉન્ટરમાં અત્યાર સુધી સુરક્ષા દળોને ચાર આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે.



વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી બાદ સ્થાનિક પોલીસે સુરક્ષા દળોની મદદથી સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન એક જગ્યાએ છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષાદળો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબમાં સુરક્ષા દળોએ પહેલા આતંકીઓને આત્મસમર્પણ કરવાની ચેતવણી આપી હતી. આતંકવાદીઓએ તેની અવગણના કરી અને ફાયરિંગ શરૂ કરી દીધું. જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર શરૂ કર્યો છે. બંને તરફથી ગોળીબાર ચાલુ છે. અત્યાર સુધીમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે.

કાશ્મીરના આઈજી વિજય કુમારે કહ્યું કે અત્યાર સુધી ચાલી રહેલા બંને એક્રાઉન્ટરમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળો તેમના કામમાં વ્યસ્ત છે. ટૂંક સમયમાં અન્ય આતંકવાદીઓને પણ ખતમ કરી દેવામાં આવશે.

દરમિયાન, પોલીસે દક્ષિણ કાશ્મીરના પુલવામાથી આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા માટે કામ કરતા બે ઓવરગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરી છે. તેમના કબજામાંથી પૂર્વ-તૈયાર આઈઈડી પણ મળી આવ્યા છે. એક નિવેદનમાં પોલીસે કહ્યું કે પુલવામા પોલીસે સેનાની ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સ અને સીઆરપીએફની ૧૮૨ બટાલિયન સાથે નાકા પર નાકાબંધી કરી હતી.

# ફ્લાઈટમાં ભોજન-અખબારની એરલાઈન્સને મંજૂરી

નવી દિલ્હી, તા.૧૭

દેશના લાખો ડોમેસ્ટિક હવાઈ મુસાફરો માટે એક ખુશખબર છે. નાગર વિમાન મંત્રાલયે એરલાઈન્સીઝને હવે તમામ ફ્લાઈટમાં ખાવા-પીવા, ન્યૂઝપેપર જેવી સુવિધાઓ આપવાની મંજૂરી આપી છે. ઉલ્લેખનીય છે કે, સરકારે આ વર્ષે ૧૫ એપ્રિલના રોજ એ તમામ ફ્લાઈટમાં ખાવા-પીવાની વસ્તુઓના વિતરણ પર પ્રતિબંધ મુકી દીધો હતો જે ૨ કલાક કે તેના કરતા ઓછી અવધિની હતી.

મંત્રાલયે મંગળવારે તમામ એરલાઈન્સીઝને કોઈ પણ પ્રકારની રોકટોક વગર આ માટેની મંજૂરી આપી દીધી છે. દેશમાં કોરોનાના કેસમાં ભારે ઘટાડા અને વેક્સિનેશનના ઉંચા આંકને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે. નાગર વિમાનન મંત્રાલયના અહેવાલ પ્રમાણે એરલાઈન્સીઝ હવે ફ્લાઈટમાં પેસેન્જર્સને ફુડ ખાણી-પીણી ઉપરાંત ન્યૂઝપેપર જેવું રીડિંગ મટીરિયલ પણ ઉપલબ્ધ કરાવી શકે છે.

**સરકારે ૧૫ એપ્રિલના રોજ એ તમામ ફ્લાઈટમાં ખાવા-પીવાની વસ્તુઓના વિતરણ પર પ્રતિબંધ મુકી દીધો હતો**

મંત્રાલયે પોતાના આદેશમાં કહ્યું હતું કે, 'ડોમેસ્ટિક રૂટ્સ પર ફ્લાઈટ્સ ચલાવી રહેલી એરલાઈન્સ હવે કોઈ પણ પ્રકારની ઉડાન અવધિની રોકટોક વગર પ્લેનમાં ખાણી-પીણીની સેવાઓ આપી શકશે.' આદેશ પ્રમાણે એરલાઈન્સ હવે ન્યૂઝપેપર, મેગેઝીન જેવું રીડિંગ મટીરિયલ પણ પ્લેનની અંદર વિતરિત કરી શકશે. ઉલ્લેખનીય છે કે, કોરોનાના ઘાતક પ્રસારના સમયમાં આવી તમામ પ્રકારની સુવિધાઓ પર રોક લગાવી દેવામાં આવી હતી જેના કારણે સંક્રમણના ફેલાવાની આશંકા રહેતી હોય. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નાગર વિમાનનને એવી સલાહ આપી હતી કે, હવે ૨ કલાક કરતા ઓછી અવધિની ફ્લાઈટમાં પણ ફુડ સર્વિસ આપી શકાશે.

# મેન્સ ક્રિકેટ કમિટિ ચેરમેન તરીકે ગાંગુલીની નિયુક્તી

## આઈસીસીમાં ભારતને મહત્વની જવાબદારી મળી - મેન્સ ક્રિકેટ કમિટિ દ્વારા ક્રિકેટને લગતા કાયદાઓ બનાવવાની કે સુધારા વધારાની કામગીરી થતી હોય છે



નવી દિલ્હી, તા.૧૭

ભારતના ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલીને આઈસીસીમાં પણ મહત્વની જવાબદારી મળી છે.

ગાંગુલીને આઈસીસીની મેન્સ ક્રિકેટ કમિટિના ચેરમેન તરીકે નિયુક્ત કરાયા છે.આ પહેલા અનિલ કુંબલે આ કમિટિના અધ્યક્ષ હતા.કમિટીના અધ્યક્ષનો ૩ વર્ષનો કાર્યકાળ હોય છે.જોકે કુંબલેએ ફરી વખત આ હોદ્દો સંભાળવાની ના પાડી હતી.

મેન્સ ક્રિકેટ કમિટિ દ્વારા ક્રિકેટને લગતા કાયદા બનાવવાની કે સુધારા વધારા કરવાની કામગીરી કરાતી હોય છે.કુંબલેના કાર્યકાળમાં ડીઆરએસનો નિયમ લાગુ કરવામાં આવ્યો હતો.કોરોના કાળમાં ક્રિકેટને લગતા નિયમોમાં પણ આ જ કમિટિએ બદલાવ કર્યો હતો. દરમિયાન આઈસીસીના અધ્યક્ષ ગ્રેગ બાર્કલેએ કહ્યુ હતુ કે, સૌરવ ગાંગુલી દુનિયાના શ્રેષ્ઠ ક્રિકેટરોમાં સામેલ રહી ચુકયા છે

● અનુસંધાન પાન-૭ પર

# ફૂલ્લી વેક્સિનેટેડની સંખ્યા સિંગલ ડોઝવાળા કરતા વધુ

## કોરોના સામેની લડાઈમાં દેશની મહત્વની સિધ્ધિ : દેશમાં સંપૂર્ણ વેક્સિનેટ લોકોની સંખ્યા વધી ગઈ : ૩૮.૦૭ કરોડ લોકોએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે જ્યારે ૩૭.૪૭ કરોડ નાગરિકોએ સીંગલ ડોઝ લીધો

નવી દિલ્હી, તા.૧૭

કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાન સરકારની પ્રમુખતાઓમાં સામેલ છે. આ અભિયાનને ગતિ આપવા માટે દરરોજ નવા નવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ બધા વચ્ચે સામે આવેલા અહેવાલ પ્રમાણે દેશમાં ચાલી રહેલા વેક્સિનેશન અભિયાનમાં એવું પહેલી વખત બન્યું છે કે, સંપૂર્ણપણે વેક્સિનેટેડ લોકોની સંખ્યા સિંગલ ડોઝ લગાવી ચુકેલા લોકોની સંખ્યાને પાર કરી ગઈ હોય.



સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે દેશમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭૫.૫૪ કરોડ લોકો વેક્સિનનો એક ડોઝ લગાવી ચુક્યા છે. તેમાંથી ૩૮.૦૭ કરોડ લોકોએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધેલા છે. જ્યારે ૩૭.૪૭ કરોડ લોકો એવા છે જેમણે હજુ સુધી કોરોનાનો એક જ ડોઝ લીધેલો છે. સ્વાસ્થ્ય વિભાગના કહેવા પ્રમાણે અત્યાર સુધીમાં ૪૦.૩ ટકા વયસ્કોને વેક્સિનના બંને ડોઝ અપાઈ ચુક્યા છે. જ્યારે ૪૦.૨ ટકા લોકોને એક જ ડોઝ અપાયો છે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે દેશમાં મંગળવારે ૬૧,૨૧,૬૨૬ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. તેમાં ૧૮.૪૮ લાખ લોકોને વેક્સિનનો પહેલો ડોઝ આપવામાં આવ્યો જ્યારે ૪૨.૭૨ લાખ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો. સરકારે આ વર્ષના અંત સુધીમાં તમામ વયસ્કોને કોરોના વેક્સિન આપવાનું લક્ષ્ય રાખ્યું છે માટે રાજ્યોને વેક્સિનેશન અભિયાન તેજ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે આ માટે ડોર ટુ ડોર વેક્સિનેશન અભિયાન પણ ચલાવ્યું છે.

અવર વર્લ્ડ ઈન ડેટાવેબસાઈટના અહેવાલ પ્રમાણે અત્યાર સુધીમાં વિશ્વના સરેરાશ ૫૨.૨ ટકા લોકોને વેક્સિનનો ઓછામાં ઓછો એક ડોઝ અપાયો છે જ્યારે ૪૦.૯ ટકા લોકો બંને ડોઝ લઈ ચુક્યા છે.

# લખીમપુર હિંસા માટેની SITમાં હાઈકોર્ટના પૂર્વ જજનો સમાવેશ

## સુપ્રીમ કોર્ટ દ્વારા યુપી બહારના જજની નિમણૂંક કરાઈ, ટીમમાં ત્રણ વરિષ્ઠ આઈપીએસને પણ સ્થાન અપાયું



નવી દિલ્હી, તા.૧૭

યુપીના લખીમપુર ખીરીમાં ખેડૂત આંદોલન દરમિયાન થયેલી હિંસાના મામલાની તપાસ કરી રહેલી જીૈં(સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)માં સુપ્રીમ કોર્ટે ફેરફારો કર્યા છે. આ સિવાય આ તપાસ પર નજર રાખવા માટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના પૂર્વ જજ રાકેશ કુમાર જૈનની વરણી કરી છે.કોર્ટનુ કહેવુ છે કે, મામલાની પારદર્શક રીતે તપાસ થાય તે માટે કોર્ટે આ કાર્યવાહી કરી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને વિશેષ ટીમ બનાવીને મામલાની તપાસનો આદેશ આપ્યો હતો.એ પછી કોર્ટે આજે વિશેષ ટીમમાં ત્રણ વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓની પણ નિમણૂંક કરી છે.

ગઈ સુનાવણી દરમિયાન યુપી સરકારે પણ રાજ્ય બહારના પૂર્વ ન્યાયાધીશની નિમણૂંક માટે સંમતિ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, આ હિંસામાં ખેડૂતો અને ભાજપના કાર્યકરોના મોત થયા હતા.કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર પર ખેડૂતોને જીપ નીચે કચડવાનો આરોપ પણ લાગ્યો હતો.

# દેશમાં ૭૦૦૦થી વધુ ગામને ૪જી નેટવર્કની કનેક્ટિવિટી અપાશે

## યોજના પાછળ ૬,૪૬૬ કરોડનો ખર્ચ થશે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાઓ બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૭

બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે.

આ નિર્ણયો વિશે માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના ૪૪ મહત્વકાંક્ષી જિલ્લાઓના ૭૦૦૦થી વધુ ગામમાં મોબાઈલ ટાવર કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં સરકારે આ ગામડાઓમાં ૪૨ મોબાઈલ સેવા આપવાનો નિર્ણય લીધો છે. આ યોજના પાછળ રૂ. ૬૪૬૬ કરોડનો ખર્ચ થવાનો અનુમાન છે.

અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, એવા જિલ્લાઓ જ્યાં ટેલિકોમ ટાવર અને કનેક્ટિવિટી નથી. સરકારે આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના ૪૪ જિલ્લાઓના ૭,૨૬૬ ગામોમાં મોબાઈલ ટાવરની સુવિધા પૂરી પાડવાનો નિર્ણય લીધો છે. આ યોજના પાછળ ૬,૪૬૬ કરોડનો ખર્ચ થશે. આટલું જ નહીં, ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારો અને આદિવાસી વિસ્તારો કે જેઓ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રથમ તબક્કા અને બીજા તબક્કામાં રોડ સંપર્કમાં કવર કરવામાં આવ્યા ન હતા તેમને લાભ મળશે.

સરકારે નક્કી કર્યું છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દેશના દૂરના વિસ્તારોમાં રસ્તાઓ બનાવવામાં આવશે. આ રસ્તાઓ ગાઢ જંગલો, પહાડો અને નદીઓમાંથી પસાર થશે. આદિવાસી વિસ્તારોને પણ આ પ્રોજેક્ટનો લાભ મળશે. પ્રોજેક્ટ હેઠળ ૩૨,૧૫૨ કિલોમીટરના રસ્તાઓ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

# પ. બંગાળમાં દેવી-દેવતાની મૂર્તિની તોડફોડ થતા તણાવ

## ઉત્તરી ૨૪ પરગણા જિલ્લામાં સ્થિતિ તણાવપૂર્ણ છે પણ નિયંત્રણમાં, એ પછી કોઈ અનિચ્છનિય ઘટના બની નથી

કોલકાતા, તા.૧૭

પશ્ચિમ બંગાળમાં દેવી દેવતાઓની મૂર્તિઓની તોડફોડના મામલાના પગલે તણાવ ફેલાયો છે.

રાજ્યના ઉત્તરી ૨૪ પરગણા જિલ્લામાં આગામી તહેવારો માટે બનાવાઈ રહેલી મૂર્તિઓને કેટલાક અરાજકતા ફેલાવનારા તત્વોએ તોડી નાંખી હતી.આગામી દિવસોમાં યોજાનારા રાશ ઉત્સવ માટે આ મૂર્તિઓ તૈયાર કરવામાં આવી રહી હતી.આ ઘટના બાદ વિસ્તારમાં તણાવ જોવા મળી રહ્યો છે.

દરમિયાન પોલીસને આ વાતની જાણ થતા સ્થળ પર કુમક ઉતારી દેવામાં આવી હતી.પોલીસનુ કહેવુ છે કે, સ્થાનિક લોકોએ મૂર્તિઓની તોડફોડ થઈ હોવાની જાણકારી આપી હતી.એ પછી પોલીસે તપાસ શરુ કરી છે.જોકે હજી સુધી ખબર નથી પડી કે મૂર્તિઓની તોડફોડ કરવામાં કોનો હાથ છે.

પોલીસનો દાવો છે કે, સ્થિતિ તણાવપૂર્ણ છે પણ નિયંત્રણમાં છે અને એ પછી કોઈ અનિચ્છનિય ઘટના બની નથી.

# ઓડિશામાં દરોડા પાડવા ગયેલી CBI સાથે મારપીટ

## સીબીઆઈના ચાઈલ્ડ પોર્નોગ્રાફીમાં ૭૭ સ્થળો પર દરોડા : શોષણ કેસમાં કાર્યવાહી કરવા માટે પહોંચેલા સીબીઆઈ અધિકારીઓને સ્થાનિક પોલીસ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા

ભૂવનેશ્વર, તા.૧૭

ઓડિશાના ઢેંકાનાલ ખાતે સીબીઆઈ ટીમ સાથે મારપીટની ઘટના સામે આવી છે. જાણવા મળ્યા મુજબ સીબીઆઈ ટીમ ઓનલાઈન બાલ શોષણના કેસમાં દરોડો પાડવા માટે ગઈ હતી. આ દરમિયાન રોષે ભરાયેલા ટોળાએ ટીમ સાથે મારપીટ કરી હતી. બાદમાં સ્થાનિક પોલીસ દ્વારા સીબીઆઈ અધિકારીઓને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

હકીકતે, સીબીઆઈએ ચાઈલ્ડ પોર્નોગ્રાફી કેસમાં મંગળવારે યુપી, ઓડિશા સહિત ૧૪ રાજ્યોમાં ૭૭ જગ્યાઓએ દરોડા પાડ્યા હતા. આ દરોડામાં ઉત્તર પ્રદેશના જાલૌન, મઉ જેવા નાના જિલ્લાઓથી લઈને નોએડા અને ગાઝિયાબાદ જેવા મોટા શહેરો અને રાજસ્થાનના નાગૌર,

● અનુસંધાન પાન-૭ પર

**તાત્કાલિક જરૂર છે**

★ સેલ્સ ઓફિસર
★ એકાઉન્ટ ઓફિસર (અનુભવી અને ટેલી સોફ્ટવેર જાણકાર)
★ હાઉસ કીપિંગ માટે કપલ

SINCE-1984 MINAXI GROUP Your Trust is Our Strength

**મિનાક્ષી એન્ટરપ્રાઈઝ**

મળવાનો સમય: ૨ થી ૫ બપોરે
ફોન નં. ૯૮૨૪૦ ૩૧૯૯૯
૩૮૧, મિનાક્ષી, તૃપ્તી પાર્લરની બાજુમાં, સે.૧૬, ગાંધીનગર